# :: પરિપત્ર ::

**વિષયઃ– ઈન્કમટેક્ષ નાણાંકિય વર્ષ ૨૦૧૪–૧૫ ના કવાર્ટર–૪, ટી.ડી.એસ.( જાન્યુ.–૧૫ થી માર્ચ–૧૫) ની માહિતી બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૧૪–૧૫ ના ( જાન્યુ.–૧૫ થી માર્ચ–૧૫) **કવાર્ટર–૪** ની માહિતી નિયત નમુનામાં **ઈનાની એન્ડ ઈનાની કું., અમદાવાદને તા. ૦૫ એપ્રિલ ૨૦૧૫** સુધીમાં મોકલી આપવાની થાય છે. સમયમર્યાદામાં માહિતી રજુ ન કરવાના કારણે આવકવેરા કચેરી તરફથી વિલંબિત ચાર્જની નોટિસ આપવામાં આવશે તો તેની જવાબદારી જે તે કચેરીની રહેશે, જે જાણ સારુ.

વધુમાં જણાવવાનું કે, જે તે કચેરીના કર્મચારી / અધિકારીશ્રીઓને ફોર્મ નંબર–૧૬ આપવાના થતા હોય, જે માટે ચાલુ નાણાંકિય વર્ષના આવકવેરા સંબધિત રોકાણને લગતી માહિતી કર્મચારી વાઈઝ **( માહે ફેબ્રુઆરી–૨૦૧૫ ના પગાર બીલ મુજબનું ગણતરીનું પત્રક )** સ્કેન કરી ઉકત પાર્ટીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સદરહું માહિતી કચેરીના ફોર્વડીંગ પત્રથી, કર્મચારી / અધિકારીશ્રીનું પુરે–પુરુ નામ તથા તેમનો પાન નંબર સાથે મોકલવાની રહેશે, તેમજ સદરહું માહિતી જે તે કચેરીના ઓફિસીયલ મેઈલ આઈ.ડી. થી જ સંબધિત પાર્ટીને મોકલાય તે જોવા વિનંતી.

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૨૪૫૨-૨૫૦૩/૧૫
નવસારી, તા.૨૪/૦૩/૧૫

**નકલ જય ભારત સાથ રવાનાઃ–**

(૧) આ યુનિવર્સિટીનાં તમામ નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારુ.
(૨) મેનેજરશ્રી, મે.ઈનાની એન્ડ ઈનાની કું., અમદાવાદ તરફ જાણ સારુ.